MBI-1601010101020402 Seat No. ______

# B. A. (Sem. II) (CBCS) Examination

March / April - 2018

## Gujarati (CORE)

### ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ - ૨

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેના 'બે' પૈકી કોઈપણ 'એક' ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

(૧) દરેક વ્યક્તિને પેલો ઈશ્વર હંમેશા પોતાના બ્લેસિંગસ આપીને જ આ ધરતી પર મોકલતો હોય છે. દરેક વ્યક્તિને કંઈ ને કંઈ ધ્યેય સાથે, વિચાર સાથે, વ્યક્તિત્વ સાથે અને વક્તવ્ય સાથે મોકલતો હોય છે. પરંતુ, સમાજ, શિક્ષણ અને વાતાવરણની છડી એવી તે એના પર ફરે કે તે પોતે અવ્યક્ત બનીને સમય સાથે મૂક બનીને જીવતો હોવા છતાં માત્ર માંસનો એક પિંડો બનીને રહી જાય છે. દરેક વ્યક્તિ પોતે સ્ટુડન્ટ બનીને અલગ-અલગ ક્ષેત્રોમાં પોતાનો સિક્કો જમાવવાની કોશિશ માત્ર કરે છે. બસ, દિલમાં શું છે ? આ પ્રશ્નનો જવાબ તેની પાસે નથી હોતો. કેટલુંયે બધું 'ટ્રાયલ મોડ' પર રહીને નવું શીખવાનો નહિ, પરંતુ એ પૂરું કરીને બીજા પર છલાંગ લગાવવાની કોશિશ કરતો હોય છે. પછડાટ ખાય છે ત્યારે હિંમત હારીને બેસી જાય છે અને ઘેટાશાહી ટોળામાં ધક્કે ચડીને ચાલતો રહે છે.

**- કંદર્પ પટેલ**

**અથવા**

(૨) સમજ્યા વગરનો સ્વીકાર એ અંધશ્રદ્ધા છે. આટલા બધા લોકો કહે છે, તો એ સાચું જ હશે; મગજને જરાપણ તસ્દી આપ્યા વગર કોઈ પણ વાત સ્વીકારી લેવાની વૃત્તિ એ અંધશ્રદ્ધાનો એક પ્રકાર છે. અંધશ્રદ્ધા માટે કોમનું પછાતપણું, કેળવણીનો અભાવ, વૈદકીય સારવારનો અભાવ, જીવનમાં આવતી મુશ્કેલીઓ અને આવા અનેક તત્ત્વો જવાબદાર છે. અંધશ્રદ્ધા ફેલાવનારા અનેક પ્રકારના પ્રલોભનો, અને અનેક પ્રકારની હૈયાધારણા આપે છે. તદ્દન ખોટી હકીકતો અને બનાવોને જાતે જોયેલી અને અનુભવેલી વાતો તરીકે જોરદાર રીતે રજૂ કરે છે, એટલે અનેક લોકો આ જાળમાં આવી જાય.

**- દાવડા કે. પી.**

૨ નીચેના 'બે' પૈકી કોઈપણ 'એક' ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : ૧૪

(૧) ભરોસો, વિશ્વાસ વગેરે શબ્દો આપણે શ્રદ્ધા શબ્દોની બદલીમાં વાપરીએ છીએ. વધારે બારીકીથી વિચારીએ તો આ શબ્દો એકબીજાથી થોડા અલગ અલગ છે. વિશ્વાસ અને ભરોસો એકબીજાની વધારે નજીક છે, પણ શ્રદ્ધા એ થોડો અલગ શબ્દ છે. શ્રદ્ધા શબ્દમાં જે ભાવ રહેલો છે, એ બીજા બંને શબ્દોમાં નથી. ભરોસો અને વિશ્વાસ થોડા અધૂરા છે, પણ શ્રદ્ધા સંપૂર્ણ છે. નાના બાળકને એની માતાની પ્રત્યેક વાતમાં શ્રદ્ધા હોય છે, એના પ્રત્યેક વર્તનમાં શ્રદ્ધા હોય છે. શ્રદ્ધાના અભાવ માટે આપણે અશ્રદ્ધા શબ્દનો પ્રયોગ કરીએ છીએ. ''હું આ નથી માનતો'' વાક્યમાં ભરોસો નથી, વિશ્વાસ નથી અને શ્રદ્ધા નથી આ ત્રણે વાતોનો સમાવેશ થઇ જાય છે. પણ 'શ્રદ્ધા નથી' માં જે Finality છે, તે બીજા બેમાં નથી તમને ભરોસો આપવા કે વિશ્વાસમાં લેવા પ્રયત્નોની ગુંજાશ રહેલી છે, પણ શ્રદ્ધા નથી, એટલે વાત પૂરી થઇ. હું માનું છું કે સમજણ વગરની શ્રદ્ધા કરતાં અશ્રદ્ધા વધારે સારી છે. સમજવાની કોશિશ એ માત્ર સંશય નથી. સંશયમાં સમજ્યા પછી પણ કાલ્પનિક ભયને લીધે સ્વીકાર કરવાની આનાકાની છે. ''કદાચ મારી સમજણ ખોટી હોય તો ? કદાચ હું સ્વીકારી લઉં અને મને કંઇ નુકસાન થાય તો ?'' સંશયમાં આવી અવ-ઢવ છે. સમજ્યા વગરની સ્વીકારવાની ના પાડવાની ક્રિયા એટલે અશ્રદ્ધા.

**- પી. કે દાવડા**

**અથવા**

(૨) વિદ્યાર્થી દ્વારા ગુરુ સ્વરૂપ જ્ઞાનગંગામાંથી ઉત્તમ જ્ઞાન પામવાનું માધ્યમ છે. કોઈ વિષય કે વસ્તુ બાબતે વિદ્યાર્થી પ્રશ્નો કરીને જ સ્વયં કે શિક્ષક પાસેથી ઉત્તરો મેળવી જે તે વિષય કે વસ્તુને તમામ દૃષ્ટિકોણથી મુલવી સારા-નરસાનો ભેદ પારખવાની કેળવણી મેળવી શકે છે. વર્ગખંડ તો વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ ઊભી કરવાનું આધુનિક મંદિર છે. જિજ્ઞાસુ વ્યક્તિ દુનિયાની બાહ્ય કે આંતરિક બાબતો અંગે હંમેશા પ્રશ્નો કરી સ્વયં કે અન્ય દ્વારા ઉત્તર મેળવી દરેક વિષય કે વસ્તુ અંગે પોતાનો સાચો મત ઊભો કરી જ લેશે. જો વિદ્યાર્થી એકવાર આ રસ્તે દોરયો તો સ્વયં જ એટલો પ્રભાવશાળી થશે કે એ દુનિયાને દોરવણી આપી શકશે. દુર્ભાગ્યે આપણી આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં ગોખણપટ્ટી અને તે દ્વારા મળતા વધારે માર્ક્સનો મહિમા એટલો મોટો છે કે પ્રશ્ન અને એ દ્વારા થતા સંવાદોનું સ્થાન જ ના રહ્યું. વિદ્યાર્થી મોટેભાગે મૂક પ્રેક્ષક જ બની રહે એવી વ્યવસ્થા ઊભી થઈ ગઈ અને એટલે જ આધુનિક શિક્ષણ વ્યવસ્થા પોતાના પગ પર ઊભા રહી શકે એવા વિરલાઓ નીપજાવવાને બદલે બેકાર ડિગ્રીધારીઓ પેદા કરવાના કારખાનાં બની ગઈ. આપણે આ વ્યવસ્થાને બદલી વર્ગખંડમાં સંવાદીત વાતાવરણ ઊભું કરી વિદ્યાર્થીની જિજ્ઞાસાવૃત્તિ ખીલવી સાચા પ્રશ્નો કરતો કરી તેને સ્વયંનો વિધાતા બનાવવો પડશે.

**- પ્રો. મનસુખ ટી. સાવલિયા**

૩ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી પુનઃ લેખન કરો : ૧૪

અમરતકાકીની આંખમાંથી બધું પાણી વહી જતું કે પથારી પલળી જતી હૈયું પોકારી ઊઠતું ગમે તે બહાનું ભલે કાઢો મૂળ વાત એટલી કે તમે ય દીકરીથી થાક્યાં છો અમરતકાકી ઊંઘમાંથી ઝબકી જતાં બોલી ઊઠતાં શું હું થાકી છું હૈયું બમણા જોરથી પોકારી ઊઠતું એક વાર નહિ ને હજાર વાર

**અથવા**

૩ પૂર્ણવિરામ, અર્ધવિરામ અને અલ્પવિરામનો ઉપયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે તે જણાવી, ત્રણેય વિરામ ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો. ૧૪

૪ 'દ્વન્દ્વ' અને 'કર્મધારય' સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. ૧૪

**અથવા**

૪ નીચેના સમાસનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો : ૧૪

(૧) માબાપ
(૨) સાચુંખોટું
(૩) કલ્પનાગમ્ય
(૪) પ્રાણપ્યારું
(૫) ખુશબોભર્યો
(૬) તર્કબદ્ધ
(૭) અભ્યાસક્રમ

૫ નીચેના '૦૪' પૈકી કોઈપણ '૦૨' પ્રશ્નના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૪

(૧) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો :

(૧) અડધી રાતે
(૨) કાચું સોનું
(૩) ટાઢે પાણીએ ખસ જવી
(૪) પાશેરામાં પહેલી પૂણી
(૫) ઊજળો દહાડો
(૬) ઘડો ફૂટવો
(૭) હથેળીમાં ચાંદ બતાવવો

(૨) નીચેની કહેવતોનો અર્થ આપો :

(૧) આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય.

(૨) આંધળામાં કાણો રાજા

(૩) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન

(૪) ઉતાવળે આંબા ન પાકે

(૫) ઊલમાંથી ચૂલમાં પડવું

(૬) એક પંથ દો કાજ

(૭) કાગનું બેસવું ને ડાળનું પડવું

(૩) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો :

(૧) અંગારો ઊઠવો

(૨) ઉચાળા ભરવા

(૩) ઊધડું લેવું

(૪) એકનું બે ન થવું

(૫) કાગનો વાઘ કરવો

(૬) કાસળ કાઢવું

(૭) ખાડામાં ઉતારવું

(૪) નીચેની કહેવતોનો અર્થ આપો :

(૧) અધૂરો ઘડો છલકાય ઘણો

(૨) આપ ભલા તો જગ ભલા

(૩) ઈદ પછી રોજા

(૪) ઊઠ પહાણા, પગ પર પડ

(૫) ઊજળું એટલું દૂધ નહિ

(૬) એક મરણિયો સોને ભારે

(૭) કડવું ઓસડ મા પાય.